# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૮    અંક : ૨૨૮

પ્રમુખ

**મણીકાંત મેઘજી મોમાયા**

મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી

**પંકજ હીરજી સાવલા**

મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા

**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક

**રમેશ મણીલાલ શાહ**

ફોન. ૨૪૭૫ ૧૮૭૫,

મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઈડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩

**email : hydkmm@gmail.com**

**Web : www.kutchibhavanhyd.org**

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

મણીકાંત મેઘજી મોમાયા

હાલની શિક્ષણ પધ્ધતિ આંકડાઓની હરીફાઈમાં સમેટાઈ ગઈ છે. ઉત્તમ માણસ બનાવવાનો મૂળભૂત હેતુ કોઈને યાદ નથી રહ્યો. આજે શાળા-કોલેજમાં ભણતા યુવાનો પરીક્ષાઓમાં મેરીટ લિસ્ટમાં આવે છે. પણ એ જરૂરી નથી કે આ બધા બાળકોનું સામાન્ય જ્ઞાન ઉત્તમ શ્રેણીનું હોય. હકીકતમાં બાળકો પાઠ્ય પુસ્તકોના અભ્યાસમાં સારા માર્કસ ભલે મેળવે પણ સાથે સાથે સામાન્ય અને વ્યવહાર જ્ઞાન વિશે પણ જાણકારી મેળવે એ જરૂરી છે. આ સમસ્યાનો સંબંધ આપણી શિક્ષણ પ્રણાલિકા સાથે છે. યુવાનોની ક્ષમતા અને યોગ્યતા પરનો આ પ્રશ્ન નથી, આપણા યુવાનો જગતભરમાં તેમની યોગ્યતા પુરવાર કરી શક્યા છે. સવાલ એ છે કે પરીક્ષામાં જ્ઞાન કરતાં ટકાવરીને વધુ મહત્વ આપવામાં આવે છે. રોજી રોટીમાં સક્ષમ બનાવવા માટે શિક્ષણના મહત્વ સાથે, શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવાનો હોય છે.

છેલ્લા ૬૦ વર્ષોમાં શિક્ષણના ક્ષેત્રમાં જેટલા પ્રયોગ થયા છે, એટલા પ્રયોગ બીજા ક્ષેત્રમાં થયા નથી. આ સમયગાળામાં વિવિધ અભ્યાસક્રમો, કોલેજો, યુનિવર્સિટીઓ, વિવિધ અભ્યાસ ક્ષેત્રો મોટા પ્રમાણમાં વધ્યા છે. આ બધું હોવા છતાં મનમાં સવાલ ઉદ્ભવે છે કે આપણાં શિક્ષણનો હેતુ શું ? આ શિક્ષણ દ્વારા યુવાનો સંપૂર્ણપણે ઘડાય છે ? લાગણીઓ-સંબંધોનો દાટ વળી ગયો છે ? લોર્ડ મેકોલેએ આ દેશને એક એવી શિક્ષણ પધ્ધતિ અર્પણ કરી છે કે આમાંથી ભારતીયો મોટે ભાગે માત્ર કારકુન બની શકે. લોર્ડ મેકોલેએ આ શિક્ષણ મારફત એવી પ્રણાલિકાનો જન્મ અપાવ્યો કે શરીર ભારતીય હોય પરંતુ મગજ અંગ્રેજ હોય. પોતાના આ ઉદ્દેશમાં લોર્ડ મેકોલ મોટે ભાગે સફળ થયા છે. આપણી કમનસીબી એ રહી કે આપણે પોતે આપણી શિક્ષણ પધ્ધતિમાં કોઈ બુનિયાદી પરિવર્તન કરી શક્યા નહિં. પેઢીઓની પેઢીઓ આપણા બાળકોને આપણે એજ શિક્ષણ આપી રહ્યા છીએ કે જે તેમને જીવનમાં આજીવિકા રળી આપવા માટે સક્ષમ બનાવે. એ સિવાય કંઈ જ નહિં. ભારતના ભવ્ય ઈતિહાસોમાં આપણે વાંચ્યુ છે કે ઋષિ-મુનિઓ દ્વારા ચલાવાતી ગુરૂકુલોમાં બાળકોને જ્ઞાન

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો

**www.kutchibhavanhyd.org**

**http://www.asanjokutch.com**

તેમજ વિવિધ ક્ષેત્રોમાં પ્રવીણ-પારંગત કરવામાં આવતાં. જે બાળકોએ આગળ જતાં ભારતને ભવ્યતા બક્ષી છે.

આપણી શિક્ષા પ્રણાલીમાં કંઈક એવું હોવું જોઈએ જે સ્વ વિકાસ, પરિવાર તથા દેશના આર્થિક વિકાસ ઉપરાંત સામાજીક પ્રશ્નો પ્રત્યે યુવાનોને સંવેદનશીલ બનાવવા સહાયકરૂપ બની શકે. આજનાં યુવાનોમાં આ સંવેદનશીલતા કરમાઈ ગઈ હોય એવું નથી લાગતું ? આ યુવાનો વિચાર શૂન્ય થઈ ગયા છે ! આમાં લોર્ડ મેકોલ શિક્ષણની જે પધ્ધતિ આપણે સ્વીકારી છે તેનું પરિણામ દેખાય છે.

મારા પ્રમુખ તરીકેના એક વર્ષના કાર્યકાળમાં મંડળ દ્વારા ચલાવાતી દરેક પ્રવૃતિઓને વેગ આપવામાં અમે સફળ રહ્યા છીએ જેનું મને ગૌરવ છે. આ માટે હું મંડળના દરેક પદાધિકારીઓ-કારોબારી સમિતિના સભ્યો, વિવિધ પ્રવૃત્તિઓની સમિતિઓના કાર્યદક્ષ સંચાલકો તથા એમના સહયોગીઓને ખૂબજ અભિનંદન આપું છું. ઉપરાંત, આપ સૌ મંડળના સભ્યોએ અમને બળ આપી પ્રવૃત્તિઓને વેગમય બનાવવા સહયોગ આપ્યો છે એ કેમ ભુલાય.



# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**

સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

લોકસભાની ચુંટણી સંપન્ન થઈ ગઈ, પરિણામો આવી ગયા અને નવી સરકાર પણ સ્થાપાઈ ગઈ. ભૂતકાળમાં ખીચડી સરકાર હતી જેમાં ક્ષેત્રિય પાર્ટીઓ સાથે મળી સરકાર રચવામાં આવેલ. આપસી ખેંચતાણના કારણે દેશની પ્રગતિ માટે જરૂરી નિર્ણયો લેવામાં ઘણી બાધાઓ આવેલ અને પરિણામે આર્થિક સુધારોઓ રૂંધાઈ ગયા.

પુર્ણ બહુમત ધરાવતી સ્થિર સરકાર હવે સત્તામાં આવેલ છે અને, જેમનો ટ્રેક રેકોર્ડ પ્રગતિવાદી છે એવી વ્યક્તિ પ્રધાનમંત્રી બનેલ છે. એટલે નવી સરકાર પાસે જનતાની ઘણી અપેક્ષાઓ છે અને આશા છે કે હવે સારા દિવસો આવશે.

દરેક સિક્કાની બે બાજુ હોય છે - છાપ અને કાંટો. તેવીજ રીતે દરેક માનવ સ્વભાવની પણ બે બાજુ હોય છે- ગુણ અને અવગુણ .છેલ્લી ચુંટણી પ્રચાર સમયે આપણે જોયું કે નેતાઓ બીજાના અવગૂણોને જ હાઈલાઈટ કરી રહ્યા હતા અને તેમાંજ રાચતા દેખાયા જ્યારે બીજાના અનુસરવા જેવા ગુણોને નજર અંદાઝ કરતા હતા. રાજકીય ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે કે પછી કૌટુંબિક ક્ષેત્રે હોય, આપણે બીજાની ખામીઓ ખોળવામાં અને તેને હાઈ લાઈટ કરવામાં આનંદ લઈએ છીએ. જ્યારે, સામે વાળી વ્યક્તિમાં સમાયેલા ગુણો, ખૂબીઓ સામે જોતા નથી, તે અપનાવતા નથી. આપણા જાણીતા માનીતા ગુજરાતી કવિ દલપતરામની બાળકો માટે લખેલી એક કવિતા યાદ આવે છે, જે સંક્ષિપ્તમાં નીચે મુજબ છે-

ઉંટ કહે આ સભામાં વાંકા અંગવાળા ભૂંડા  
ભુતળમાં પશુઓ ને પક્ષિઓ અપાર છે  
બંગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી  
કૂતરાની પુંછડીનો વાંકો વિસ્તાર છે.  
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ  
અન્યનું તો એક વાંકુ આપના અઢાર છે.

ચાલો, બીજાના અવગુણો અવગણી ખૂબીઓ અપનાવી આપણે પ્રગતિ સાધીએ અને અન્યને પણ તેનો લાભ આપીએ.



# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

દેશભરમાં યોજાયેલ સામાન્ય ચુંટણીઓ, એના પરિણામો અને નવી સરકારની નિયુક્તિની ચર્ચાઓ છેલ્લા ઘણા સમયથી સર્વત્ર છવાયેલ રહી હતી. નવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની નિયુક્તિથી આપણા દેશની પ્રગતિ, શાન્તિ અને સમગ્ર વિશ્વમાં ભારત દેશ નવા શીખરો સર કરશે એવી આશા અને ભાવનાઓ સાથે શુભકામનાઓ.

આ માસ દરમ્યાન ટ્રસ્ટબોર્ડ અને કારોબારી સમિતિની એક સંયુક્ત સભા તા. ૨૯-૫-૨૦૧૪ ના દિવસે યોજવામાં આવેલ હતી.

તા. ૧૫-૬-૨૦૧૪ના દિવસે ૪૨ મી વાર્ષીક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ છે. વાર્ષીક અહેવાલ અને આવક જાવકનો રીપોર્ટ સહુને મોકલાવવામાં આવેલ છે. વધૂમાં વધૂ સંખ્યામાં મેમ્બર ભાઈઓ અને બહેનોને સભામાં ઉપસ્થિત રહેવા વિનંતી છે. તા. ૪-૫-૨૦૧૪ ના દિવસે શાન્તિવન સમિતિ દ્વારા અંતાક્ષરી હરીફાઈ યોજવામાં આવેલ હતી. સંગીતમય કાર્યક્રમ દરમ્યાન એક વડીલ દંપતી શ્રી અને શ્રીમતિ ડુંગરશી મુલજી સાવલાનું બહુમાન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના સફળ આયોજન બદલ સંચાલક શ્રી મહેન્દ્ર દેવશી વોરાને અભિનંદન.

ગેસ્ટ હાઉસ, ઓફીસ તેમજ ગ્રીન રૂમના ફરનીચરના દાતાઓની નામાવલી ગ્રેનાઈટ તકતી ઉપર કંડારવામાં આવેલ છે.

દરેક સમિતિ સંચાલકો પોતાની સમિતિનું કારભાર વ્યવસ્થિત અને સુંદર રીતે સંભાળી રહેલ છે, દરેક સમિતિ સંચાલકને અભિનંદન. શાન્તિ પ્રાયમરી સ્કુલ મધ્યે નવા પ્રીન્સીપલની નિયુક્તિ કરવામાં આવેલ છે. અનુભવી અને કાર્યદક્ષ પ્રીન્સીપલની નિયુક્તિથી સ્કુલ પ્રગતિના પથ પર નવા સોપાનો સર કરશે એવી મંગલકામના.

અષાઢી બીજ, કચ્છી નવ વર્ષ નિમિત્તે મનોરંજન સમિતિ આયોજીત સંગીતમય કાર્યક્રમ વિચારાધીન છે.

વર્ષ દરમ્યાન નવા બનેલ સહુ મેમ્બરજનોને અભિનંદન, સાથે જણાવવાનું કે આપણા સમાજનું સભ્ય પરિવાર લગભગ ૧૮૦૦ મેમ્બરોનું થઈ ગયેલ છે.

આ માસ દરમ્યાન નીચે મુજબના અનુદાન ભવનને પ્રાપ્ત થયેલ છે. દાતા પરિવારનો ખુબ ખુબ આભાર.

રૂા. ૧૦૦૦.૦૦ શ્રીમતી દમયંતી યશવંત વોરા
રૂા. ૧૦૦૦.૦૦ શ્રીમતી સીમા રમેશ મહેતા

**DONATE EYESTWICE**




FOR ALL YOUR COMPUTER WORK
- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

## ભાવજત સમિતિ

**સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**

★ **હોસ્પિટલ સારવાર માટે નાણાકિય સહાય :** જરૂરિયાતમંદ સભ્ય કે એના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર અર્થે જાય તો દાખલ થવા પહેલા કે દાખલ થયાના બીજા દિવસ સુધીમાં અરજી કરવાની રહેશે, તથા મેડિક્લેમ ઈન્સ્યુરન્સ છે કે નહીં તે પણ જણાવવાનું રહેશે. **ડિસ્ચાર્જ** થયા પહેલાજ હોસ્પિટલ પાસેથી અંદાઝિત ખર્ચનો પત્ર મેળવી અરજી કરવાની રહેશે. મંજુરીની રકમનો ચેક હોસ્પિટલના નામથી જ મળશે.

★ **Diagnostic Testing** : અગાઉ જણાવ્યા મુજબ સભ્ય તથા તેમના પરિવારજનોને ડાયગ્નોસ્ટીક ટેસ્ટના **Original** બીલ ઉપર મંડળ સભ્યોને ૩૫ ટકા મજરે આપે છે. તેમાં નીચે મુજબ સુધારા કરેલ છે.

૧) ઓરીજનલ બીલ ઉપર મેમ્બરશીપ નંબર લખવું જરૂરી છે.

૨) મેમ્બર કુટુંબના બધાય સભ્યો આ સ્કીમનો લાભ લઈ શકશે.

૩) ભવનના ઓફિસ સમયમાં સવારે ૯ થી ૧૨.૩૦ અને સાંજના ૩.૦૦ થી ૫.૦૦ ની વચમાં અરજી દાખલ કરી શકાશે. સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ ના સમયમાં અરજી આવતા, રકમ તુરંત મજરે આપવામાં આવશે. બીજા સમયમાં આવતા, મજરે બીજે દિવસે આવીને લઈ શકશે. **નોંધ :** બીલ દેતી વખતે અને મજરે લેતી વખતે મંડળનો **ID Card** સાથે રાખવું જરૂરી છે.

★ **મેડિક્લેમ ઈન્સ્યુરન્સ :** ઈન્સ્યુરન્સ પોલિસીની રીન્યુઅલ તારિખના દસ દિવસ પહેલા આપણા એજન્ટ શ્રી મધુ મોદાનીનો સંપર્ક કરશો જેથી તમારી પોલિસી સમયસર રીન્યુ થઈ જાય.

## SHANTI PRIMARY SCHOOL

Correspondent : **NAVINCHAND HARIA**, 98850 31232

*"School bells are ringing loud and clear, Vacations over, School is here, Say good bye to fields and brooks, As school has begun, for work is always mixed with fun".*

On 6th June, we were glad to see every child. on the very first day of the academi year, fully refreshed, enthusiastic, eagar and committed to be a better student.

**ADMISSIONS ARE IN PROGRESS**

Members of Kutchi Mitra Mandal children can avail the opportunity of free education in our school.

Mr. Jivraj Mulji Dand, owner of Paramount Co., Abid, has sponsered 3 wall clocks. We wish to convey him our heartfelt thanks for this gesture.

## આવાસ ગૃહ સમિતિ

સંચાલક : **લહેરચંદ ટોકરશી લોડાયા**

ચૈતન્યપુરી સ્થિત આવાસ ગૃહમાં એક ફ્લેટ ખાલી થયેલ છે. ઓછી આવક ધરાવનાર કચ્છી મિત્ર મંડળનાં સભ્ય પરિવારને ફ્લેટની જરૂર હોય તો તેઓએ કચ્છી ભવનની ઓફીસમાં અરજી આપવા વિનંતી.



## મનોરંજન સમિતિ

સંચાલક : હેમાંગ મણીકાંત મોમાયા
ફોન : ૯૮૮૫૧૦૧૦૧૦

અષાઢી બીજ કચ્છી નવવર્ષ નિમિત્તે, મનોરંજન સમિતિ પ્રસ્તુત કરે છે

**મણીલાલભાઈ છેડા વનમેન ઓર્કેસ્ટ્રાનું**
**ગીત સંગીતથી ભરપૂર કાર્યક્રમ**

# 'ભૂલે બિસરે ગીત'



**તારીખ : ૨૨-૬-૨૦૧૪ રવિવાર**



**સ્થળ : શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ**

**અલ્પાહાર : સાંજના ૭.૦૦ થી ૮.૩૦**

**સંગીત કાર્યક્રમ : સાંજના ૮.૩૦ થી ૧૧.૦૦**

**(ખાસ નોંધ : અલ્પાહારના કાઉંટર ઠીક ૮.૩૦ કલાકે બંધ કરવામાં આવશે)**

**❖ કચ્છી પરંપરાગત વેષભૂષા હરિફાઈ ❖**

કેટેગિરી - **બેસ્ટ ડ્રેસ સીનિયર સિટીઝન, બેસ્ટ ડ્રેસ મેલ,**
**બેસ્ટ ડ્રેસ ફીમેલ, બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ**

**COME DRESSED IN KUTCHI TRADITIONAL ATTIRE**
**& WIN ATTRACTIVE PRIZES**

## SIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
9848129772

***Our progress as a nation can be no swifter than our progress in education.***

***- John F. Kennedy***

The results for the Academic Year 2013-2014 have been declared. I heartily congratulate all the students for their Excellent Performance in their respective exams. The process for the admission for new academic year has started and I wish the students, an exciting and successful 2014-2015 academic year.

**SHIKSHAN SAHAYATA :** The Financial aid to needy students for the academic year 2014-2015 has begun. New application forms can be collected from KMM office. Kindly collect and submit the duly filled form in time.

To encourage more number of students from our community to go in for Higher Studies, a Scholarship Grant for a meritorious student going in for Post Graduation from the new Academic Year 2014-2015 has been initiated. The Scholarship amount will be the First Year Fees or Rs. 50,000/- (Rupees Fifty Thousand) whichever is minimum.

**The student will be selected on the following criteria.**

1. Selection will be based purely **on Merit with Highest marks in graduation.**
2. Applicant should have completed his/her graduation with minimum **85.5% or 9CGPA.**
3. Applicant should submit the following documents along with the **application letter** mentioning KMM Membership number of the Parent.

**a. Passport size Photograph.**

**b. Photo copies of Marksheets of Xth, Inter or 12th and Degree all semesters.**

**c. Certificates of Extra-Curricular Activity, if any, in Sports or Arts.**

**SILVER AND GOLD MEDAL AWARDS :** The Meritorious student who have scored above 75% in 10th and 12th standard and 70% and above in Graduation shall be honored by awarding them Gold Medals. The form for the same is printed below. Fill the form and send the same to KMM Office.

**LAST DATE FOR RECEIVING THE COMPLETED FORMS :** ICSC/CBSC/SSC Xth and XIIth/Inter Final is 15th July 2014, Degree 30th July 2014, PG 10th August. 2014.

We require Donors for Silver and One Gold Medal (2013-2014). Any member family interested to give their name as Donors kindly call us for details.


**20 Days Medicine only Rs. 350/-**

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- **AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-**
- **AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-**

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

# SRI KUTCHI MITRA MANDAL, HYDERABAD

## Shikshan Samiti

### FORM FOR SILVER / GOLD MEDAL ACADEMIC YEAR 2013-14

**Name of the Student** : ..........................................................................

**Father's Name** : ..........................................................................

**Mother's Name** : ..........................................................................

**Grand Father's Name** : ..........................................................................

**Surname** : ..........................................................................

**Village in Kutch** : ..........................................................................

**Ph. / Mobile No.** : ..........................................................................

**Email ID** : ..........................................................................

**Passed in Standard** : ..........................................................................

**School / College** : ..........................................................................

**Total Marks obtained** : ..........................................................................

**Grade / Percentage** : ..........................................................................

**Signature of Student** **Signature of Parent**

**Date :** **KMM Membership No. of Parent :**

1) Photocopy of this form can be used for additional entries.
2) Send completed form along with Mark Sheet for Standard 10th and above only.
3) For Intermediate and Degree, enclose Mark Sheet for all the years including 10th.

## SHRI KUTCHHI MITRA MANDAL SHIKSHAN SAMITI

**Presents on 15th June 2014 (Sunday) from 5 pm to 7 pm**

**(FOR YOUNG MATURED AUDIENCE)**

Relationships : A talk by **Shri Ramesh Partani** (Renowned Speaker)

The Male-Female relationship is the essence of creation. Prakrati and Purusha in Yoga or Yin and Yang in Chinese Philosophy, the dynamic interplay between the male and female energies in the universe is the basis of existence.

Complementary in nature, they operate very differently. Added to this are the work pressures, stressful life styles, insecurities. Not understanding this, relationships are often under stress.

Talk includes understanding of male and female viewpoints, handling disagreements, hurts and upsets, healing bruised relationships, creating love and happiness, understanding each other's value system and developing a supportive attitude, creating a family goal and vision etc.,

An informative and lively question answer session will follow the talk.



## હાર્દિક અભિનંદન

### કુ. ખુશ્બુ મહેશ શાહ

માતુશ્રી જડાવબેન પ્રભુલાલ શાહ ની
પૌત્રી - ગામ : મુંદ્રા
માતુશ્રી મેનાબેન નાનાલાલ સંઘવી (જબલપુર) ની
દોહિત્રી - ગામ : માંડવી

શ્રીમતી સુષ્મા મહેશ શાહની સુપુત્રી ચિ. ખુશ્બુ એ **Narsee Monjee Institute of Management Studies, Mumbai** થી **MBA** પરિક્ષામાં ૮૨.૭૫ ટકા થી **Top 10 Percentile & Best Student Award** સાથે સફળતા પૂર્વક પાસ કરેલ છે.

ઉજ્જવલ ભવિષ્ય માટે શુભકામના તથા આશીર્વાદ....

સ્નેહાધિન : કૌમુદીની સૂર્યકાંત શાહ - કાકી
શોભના અશ્વીન શાહ, લીના નેત્રપાળ શાહ - (કાકા,કાકી)
બહેનો અને ભાઈઓ.... શાહ પરિવાર તરફ થી

(જા.ખ.)

# સભ્યપદ સમિતિ

સંચાલક : હરેશ હેમરાજ દેઢિયા
૯૨૪૬૧ ૯૪૪૦૫

સહર્ષ જણાવવાનું કે મંડળની ૨૯-૫-૨૦૧૪ના મળેલ ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારીની સંયુક્ત સભામાં નીચે જણાવેલ નવા સભ્યોની આજીવન સભ્યપદની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | કુમાર પ્રેમલ મણીકાંત છબાની | માંડવી | P/1021/5/14 |
| ૨ | શ્રીમતિ સરલા મહેન્દ્ર વોરા | મુન્દ્રા | S/1023/5/14 |
| ૩ | શ્રીમતિ ભાનુ નરેન્દ્ર વોરા | મુન્દ્રા | B/1014/5/14 |
| ૪ | શ્રીમતિ મોનીશા પ્રતીક શાહ | મુન્દ્રા | M/1023/5/14 |
| ૫ | શ્રી મહેશ મોહનલાલ દેઢીયા | નાંગલપર | M/1024/5/14 |
| ૬ | શ્રીમતિ મીનલ રમેશ સાવલા | મોથારા | M/1025/5/14 |
| ૭ | શ્રી તેજસ કુલીન છેડા | સુજાપુર | T/1006/5/14 |
| ૮ | હર્ષિદા અમૃતલાલ ટાંક | કુકમા | H/1025/5/14 |
| ૯ | શ્રીમતિ મીના શાંતીલાલ ગાલા | ચીઆસર | M/1026/5/14 |
| ૧૦ | શ્રીમતિ બીના નિતિનચંદ્ર ગાલા | ચીઆસર | B/1015/5/14 |
| ૧૧ | કુમાર હાર્દિક ચંદ્રકાંત મોતા | વારાપધર | H/1026/5/14 |
| ૧૨ | કુમાર ચીરાગ જીતેન્દ્ર ધરમશી | જખૌ | C/1005/5/14 |
| ૧૩ | શ્રીમતિ નીતા બિપિન વીરા | મેરાવા | N/1025/5/14 |
| ૧૪ | નીતા પદમશી ગાલા | છસરા | N/1026/5/14 |
| ૧૫ | શ્રીમતિ નિર્મલા પ્રવિણચંદ્ર નાગડા | મોટી સીંધોડી | N/1027/5/14 |
| ૧૬ | કુમાર રક્ષિત ભાવેશ મારૂ | ડુમરા | R/1018/5/14 |
| ૧૭ | શ્રી મુકેશ વાસુદેવ પરમાર | માંડવી | M/1027/5/14 |
| ૧૮ | કુમાર કરન દર્શન શાહ | અંજાર | K/1032/5/14 |
| ૧૯ | શ્રીમતિ જ્યોતિ લક્ષ્મીચંદ નાગડા | ભોજાય | J/1016/5/14 |
| ૨૦ | શ્રીમતિ છાયા પ્રેમચંદ ગડા | ભોજાય | C/1006/5/14 |

**ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન....**

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

**તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક**

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

*Wish u a Happy & Prosperous Kutchi New Year*

# આષાઢી બીજની શુભેચ્છાઓ...

સુચિત કરતા હર્ષ થાય છે કે પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ આષાઢી બીજ રવિવાર તા. ૨૯ જુનના શુભ દિવસે આવે છે... આષાઢી બીજની નવા વર્ષની શુભ શુરૂઆત અચલગચ્છ અધિષ્ઠાયીકા માઁ દેવી મહાકાલી માઁ ની ભવ્યાતીભવ્ય ભક્તિ ભાવના સાથે શ્રી મહાકાળી ભક્તી મંડળે સવારે ૯.૩૦ કલાકે શ્રી ચૈતન્યપુરી જૈન મંદિર મુકામે સુંદર ભક્તિ ભાવનાનો આયોજન કરેલ છે. ભાવિકોને નમ્ર વિનંતી છે કે માતાજીની આરાધનામાં વધુ થી વધુ સંખ્યામાં હાજરી આપી... કાર્યક્રમને સફળ બનાવે.

ભક્તી ભાવના પછી સ્વામિવાત્સલ્યનું લાભ મંડળ વતી રાખવામાં આવેલ છે. ભક્તિ ભાવનાની સુંદર રમઝટ શ્રી ચૈતન્યપુરી ભક્તિ મંડળ દ્વારા કરાવવામાં આવશે.

ખાસ નોંધ : હૈદરાબાદ સિકંદ્રાબાદમાં વસતા સર્વે કચ્છી કુટુંબોને ભાવભર્યું આમંત્રણ છે. ''કચ્છી નવું'' વર્ષ આપણા સર્વે કચ્છી સમાજનું જ છે. શ્રી મહાકાલી માતા અચલગચ્છની અધિષ્ઠાયીકા છે...

Once again Happy Kutchi New Yearની ખુશાલીમાં...

''જીવદયા'' આપની ઉપસ્થિતીમાં પક્ષીઓ છોડાવવામાં આવશે.

(જી.ખ.)



લી. **શ્રી મહાકાલી ભક્તિ મંડળ**

હૈદરાબાદ



# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત :

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાળા રૂ. | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | કબુતર ને ચણ | ગૌ-ઘાસ |
|---|---|---|---|---|---|---|---|
| સ્વ.ભીમશી ડુંગરશી સાવલાની પુણ્યતીથી નિમિત્તે | - | - | ૨ | - | - | - | - |
| કુ.હેમાંગીની વીનોદ સાવલા | - | - | ૧ | - | - | - | - |
| શ્રીમતી જયવંતી મગનલાલ મારૂ લગ્ન વિધી નિમિત્તે | - | ૫૦૦ | ૧ | ૫૦૦ | - | - | - |
| શ્રીમતી લક્ષ્મીબેન અમૃતભાઈ વોરા પૌત્રના જન્મ દિન પ્રસંગે | - | - | ૩ | - | - | - | - |
| શ્રીમતી કલ્પના કાંતીલાલ લોડાયા | - | - | ૪ | - | - | - | - |
| શ્રીમતી હીના હિતેન સંઘોઈ | - | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી જ્યોતિબેન ધનજી વોરા | - | ૧૦૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી સરલા ભૂપેન્દ્ર વીરા | ૫૦૦ | ૫૦૦ | ૩ | - | - | - | - |

| છાસ વિતરણ યોજના : | રકમ |
|---|---|
| માતુશ્રી ગુલાબબેન કસ્તુરચંદ ખંડોર | ૫,૧૦૦.૦૦ |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | ૫૦૦.૦૦ |

| છાસ વિતરણ યોજના : | રકમ |
|---|---|
| શ્રીમતી હિના હિતેન સંઘોઈ | ૫૦૦.૦૦ |
| શ્રીમતી લીલાવંતીબેન ખુશાલભાઈ ગાલા | ૫૦૦.૦૦ |

**મૂઠીભર અનાજ યોજના :** ૫૦ કિલો દાળ - શ્રી જાદવજી વીરજી ગાલા તરફથી પ્રાપ્ત થયા છે. મૂઠીભર અનાજ યોજના માટે વોલીન્ટરો ભાઈ બહેનોની ખુબજ જરૂરત છે. વડિલોને વિનંતી કે આપના ઘરના યુવા વર્ગને આ માનવ સેવાના કાર્ય માટે વોલીન્ટર તરીકે નામ લખાવે.

## JAIN MINORITY UPDATES

The Jain Community was accorded the Minority Status on January 27th 2014 by the Central Government. With the objective of educating all Jains about the benefits of Minority Status, Bharatiya Jain Sanghatana has come up with a set of six books addressing the subjects of Minority Benefits to Students, Educational Institutions, Women, NGOs, Businesses and Religious Establishments. Around 7000 sets of books have been purchased till now. You may call the Bharatiya Jain Sanghatana Head Office at 020 66050000 to place your order. You may also download books from http://www.bjsindia.org/JainMinorityBooklets.php. So far, 700 people have downloaded the e-books from the website.

*Sankalan by : **Pankaj Vallabhaji Savla***

APKVO

# આન્ધ્ર પ્રેદશ કચ્છી વીસા ઓસવાલ સમાજ

હૈદરાબાદ

સહર્ષ રજુ કરે છે...

## કચ્છી નવા વર્ષ આષાઢી બીજ નિમિત્તે
## કાર્યક્રમોનો ત્રીવેણી સંગમ

**રવિવાર, તા. ૨૯-૦૬-૨૦૧૪**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

### કાર્યક્રમોની વિગત

૧. સાંજના ૫.૦૦ થી ૫.૩૦ કલાકે **ચા - બિસકીટ**

૨. સાંજના ૫.૩૦ થી ૬.૩૦ કલાકે **વાર્ષિક સામાન્ય સભા**
**(સામાન્ય સભાની કાર્યસૂચી અને હિસાબ અલગથી મોકલવામાં આવશે)**

૩. સાંજના ૬.૩૦ થી ૮.૩૦ કલાકે **કચ્છથી પધારેલ હાસ્ય કલાકાર**
**શ્રી પીયૂષ જોશી અને કચ્છી લોક સાહિત્યના કવિ શ્રી ગોવર્ધન પટેલ હાસ્ય અને ગીતોની રમઝટ બોલાવશે.**

૪. સાંજના ૮.૩૦ કલાકે **આનંદ બજાર**
**નજીવા દરેથી અવનવી વાનગીઓનો આનંદ.**

**તા.ક.: આ કાર્યક્રમો ફક્ત આન્ધ્ર પ્રદેશ કચ્છી વિશા ઓસવાલ સમાજના સભ્યો માટે જ છે.**

*લિ.*

**ચીમનલાલ લાલજી ગાલા** — પ્રમુખ

**પોપટલાલ કેશવજી છેડા** — ઉપ પ્રમુખ

**તારાચંદ મણીલાલ ધરોડ** — માનદ્ મંત્રી

**નિતિન શીવજી ધરોડ** — સંચાલક-કાર્યક્રમ સમિતિ

**તલકશી ભાણજી ગડા** — ખજાનચી

(જા.ખ.)

# સંસ્થા સમાચાર

❖ સહર્ષ જણાવવાનું કે લાયન્સ ક્લબ ઓફ હૈદ્રાબાદ ઈસ્ટ ભાણજી ખેરાજ બ્લડ બેંક, જે નૂતનીકરણ અને લાઈસન્સ રીન્યુઅલ માટે બંધ હતી, તે હવે શરૂ થઈ ગયેલ છે. તેથી હવે ત્યાં રક્તદાન શિબિર યોજી શકાશે. જરૂરીયાતમંદ ભાઈ-બહેનો માટે રક્ત પણ મેળવી શકાય છે.

જરૂરીયાત પ્રમાણે નીચે મુજબ ટેલીફોન નંબરો પર સંપર્ક કરવા ભાઈ-બહેનોને વિનંતિ.

**બ્લડ બેંક - ૨૪૭૪ ૫૨૪૩, અમૃતલાલ નીશર, ફોન : ૯૩૪૭૫ ૫૫૫૭૪, ૨૪૭૫ ૫૫૭૪,**

**શ્રી વિજય કુમાર, ફોન : ૯૪૪૦૪ ૮૨૭૮૦**

---

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ :** જીનેશ્વરધામ.

આ મહિનાના અતિથી વિશેષ તરીકે શ્રેષ્ઠિવર્ય શ્રીમાન રાજેન્દ્ર કુમાર કીમતીજી રહેશે.

---

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **સગપણ નોંધ** | ચિ. **C.A.**ધૃતિ પ્રદિપ લક્ષ્મીચંદ વિસરીયા | ગઢશીશા | હૈદરાબાદ |
| | ચિ. ભાવિન ગિરીશ કલ્યાણજી ગંગર | મેરાઉ | મુંબઈ |
| | ચિ. રાહુલ હંસકુમાર રાયચંદ સાયલા | સુથરી | હૈદરાબાદ |
| | ચિ. કેતકી નરેન્દ્ર પ્રેમજી લોડાયા | વારાપધર | બડગરા |
| **લગ્ન નોંધ** | ચિ. **C.A**વીરલ દિનેશ લક્ષ્મીચંદ સાવલા | બેરાજી | હૈદરાબાદ |
| | ચિ. ચિંતન નરેન્દ્ર હીરજી સોની | દેશલપુર | મુંબઈ |
| | ચિ. મહેક - દિવ્યા લલીત દંડ | સાંધવ | હૈદરાબાદ |
| | ચિ. ચાર્મિ - ચંદન દિનેશ ધરમશી | તેરા | મુંબઈ |
| **મરણ નોંધ** | સ્વ. અ.સૌ. જયશ્રીબેન કિશોર મગલાલ દેઢિયા, ૬૪ વર્ષ - ભુજપુર, હૈદરાબાદ | | |
| | માતુશ્રી હાંસબાઈ ભવાનજી ધરોડ, ૮૩ વર્ષ - પત્રી, હૈદરાબાદ | | |


***For Rental..... For Rental..... For Rental.....***

***Ready to Occupy***

***3 Bed Room Flat for Rent (1500 Sq.Ft.), Fully Furnished.***

**At Flat No. 5, 3-5-121/E/1, Kalpataru Apartment, Eden Bagh, Ramkote, Hyderabad**

**CONTACT : 94406 89725**




**આભાર : સ્વ. શ્રીમતી જયશ્રીબેન કિશોર દેઢિયા (શાહ)** ગામ ભુજપૂરની પ્રાર્થના સભામાં પધારી અમારા દુઃખમાં સહભાગી થનાર સર્વે સગાસંબંધી, મિત્રોનો તથા કચ્છી ભવનનો હોલ ફાળવવા માટે કચ્છી મિત્ર મંડળનો અને પ્રાર્થનામાં સહાયરૂપ થવા માટે માનવમિત્ર સમીતીનો, સ્વ. મગનલાલ ભીમશી પરિવાર અંતઃકરણ પૂર્વક આભાર માને છે.

**સ્વ. શ્રીમતી જયશ્રીબેન કિશોર દેઢિયા (શાહ)**

# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એડેડ
# કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી

## સભ્યો માટે અગત્યની સૂચના

સવિનય જણાવવાનુ કે ઘણા સમયથી સભ્યોની ઈચ્છા હતી કે તેમને મળતા નિરંતર ડિપોઝીટ ઉપર વ્યાજની રકમ તેમજ ડિવીંડડની રકમ ડાયરેક્ટ તેમના બેંકના ખાતામાં જમા થાય. તેમની ઈચ્છાનુસાર હવેથી આ સેવા ઉપલ્બધ થઈ શકશે. આ સેવા મેળવવા માટે પ્રત્યેક સભ્યે એક કેન્સલ કરેલ ચેકની પાછળ પોતાના બેંક ખાતામાં લખેલ નામ કાર્યાલય મધ્યે તા. ૨૫-૬-૨૦૧૪ સુધી કરાવવાનું રહશે. આ સુવિધા સગીરવયના બાળકો માટે પણ રહશે. આ સગવડ પ્રત્યેક સભ્યને મેળવવી જરૂરી છે.

વધુ વિગત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

૧૮મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૩-૭-૨૦૧૪ના કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

**અરવિંદ કેશવજી છેડા,** મેનેજીંગ ડાયરેક્ટર

## IMPORTANT NOTICE FOR MEMBERS

The members of KOMACCS are here by informed that we have made arrangements to transfer the interest on Nirantar Deposits and dividend directly to their bank accounts. For availing this service, every member including Minor A/c.s have to compulsory submit a cancelled bank cheque with the account name on backside of cheque leaf to reach society office on or before 25-6-2014. For details contact society office.

18th Annual General Body Meeting is arranged on Sunday 13th July 2013 at Kutchi Bhavan.

**Arvind K. Chheda**
Managing Director

(જા.ખ.)

# વિવિધા

## પરોપકાર

ધર્મ અને અધર્મની સાદી સરળ છતાં સચોટ વ્યાખ્યા આપતા સંત કવિ તુલસીદાસજીએ કહ્યું છે.

***"પરહિત સરિસ ધરમ નહી ભાઈ પરપીડા સમ નાહિ અધમાઈ"***

બીજાનું ભલું કરવું તે ધર્મ, બીજાને પીડા થાય તેવું કરવું તે પાપ. કબીર આ વાત ને જુદી રીતે કહે છે.

***"કબીર કહે કમાલ કું દો બાતાં શીખ લે કર સાહિબ કી બંદગી ઔર ભૂખે કો અન્ન દે"***

ઈશ્વરની પ્રાર્થના અને ભૂખ્યા ને ભોજન પરોપકાર નો મહિમા અહિંયા પણ છે.

ચીનના મહાત્મા કન્ફ્યુશિયસ એમના ડહાપણ અને તત્વબોધ માટે જાણીતા છે. ચીનના રાજાએ એક દિવસ તેમને કહ્યું કે કન્ફ્યુશિયસ મને એવા માણસ પાસે લઈ જાજે સત્ય સાચે જ મહાન હોય. કન્ફ્યુશિયસ કહે એ માટે બહુ દૂર જવાની જરૂર નથી. આપ પોતેજ મહાન છો, કારણ કે સત્ય જાણવાની ઈચ્છા કરે તે મહાન જ છે. રાજા કહે મને મારાથી પણ મહાન હોય તેવા માણસ પાસે લઈ જા. કન્ફ્યુશિયસ કહે એ માટે પણ દૂર જવાની જરૂર નથી. હું પોતેજ આપની સામે ઉભો છું. જે સત્ય ને ચાહે છે તે વધુ મહાન છે. રાજા વિચારમાં પડી ગયા તેણે આવી વાત કદી સાંભળી ન હતી, એ કહે તો મને તારાથી પણ વધુ મહાન હોય તેવા માણસ પાસે લઈજા. કન્ફ્યુશિયસ રાજાને ગામ બહાર એક અવાવરૂં જગ્યામાં લઈ ગયો. જ્યાં એક વૃદ્ધ માણસ કુવો ખોદી રહ્યો હતો. કન્ફ્યુશિયસ કહે, આ માણસ સૌથી મહાન છે, તે વૃધ્ધ છે. દુર્બળ છે. છતાં પરોપકાર માટે આ ઉંમરે પરિશ્રમ કરી ને કુવો ખોદે છે, અને એમાંથી આનંદ મેળવે છે. "સત્યને જે આચરણમાં મુકે છે તે મહાન્ છે. બીજાને માટે જે ઘસાય છે તે મહાન છે તેથી રવિશંકર મહારાજ કહેતાં કે" ઘસાઈ ને ઉજળા થઈએ બીજા ને ખપમાં આવીએ. પરોપકાર અર્થે વપરાતી ક્ષણો જીવન ઉર્જા ને પ્રસન્નતાના તરંગોથી સભર બનાવે છે. સ્વાસ્થ્ય માટે એ ખૂબજ જરૂરી છે. માટે મન અને તન બન્નેને તંદુરસ્ત રાખવા પરોપકાર કરવું જોઈએ.– **રશ્મિ રાજેશ લોડાયા**

## દ્દષ્ટિ ની જરૂર છે

❖ નદી છીછરી હતી છતાં એને ચાહતા રહેવામાં મને કોઈ તકલીફ ન પડી કારણ કે મારી આંખ સામે એનું છીછરા પણું ન હતું પણ મીઠું પાણી હતું.

❖ સાગર ખારો હતો પણ એની પ્રશંસા કરતા રહેવામાં મને લેશ વાંધો ન આવ્યો કારણ કે મારી આંખ એની ખારાશ ને બદલે એની ગંભીરતા ને લેતી હતી.

❖ છોડ પર કાંટાઓ પુષ્કળ હતા છતાં એના પ્રત્યે આકર્ષણને અકબંધ રાખવામાં મને જરા પણ તકલીફ ન પડી કારણ કે મારી આંખ એ કાંટાને નહીં પણ એના વચ્ચે ખિલેલા ગુલાબને જોઈ રહી હતી.

❖ સાચી વ્યક્તિમાં સંખ્યાબંધ દોષો હોવા છતાં એને ચાહતા રહેવામાં મને કોઈજ તકલીફ ન પડે એવી દ્દષ્ટિની મારે જરૂર છે.

❖ કારણ કે આખરે તો આત્મા અનંતગુણોનો માલિક જ છે ને. વિચારજો.... – **રશ્મિ રાજેશ લોડાયા**

## CONGRATULATIONS




**KHUSH KAILASH CHEDDA**

He has been nominated for the **Airtel Navaratna Student Scholarship of Rs.12,000/- for 2013** for his academic excellence (93%) in Class III. He is one among the 46 students selected throughout AP.

# શ્રદ્ધાંજલી



## સ્વ. હાંસબાઈ ભવાનજી ધરોડ

(ઉ.વ. ૮૩, ગામ પત્રી - કચ્છ)

તા. ૨૪-૫-૨૦૧૪ના અરિહંતશરણ થયેલ છે. (ચક્ષુ અને દેહ દાન કરેલ છે.)

અમારા કુટુંબ હિત તત્પર સદ્ગુણોથી સભર આવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે, મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના.

અંતિમ સમયે સહાયરૂપ થનાર માનવ મિત્રના સભ્યો. હિતેચ્છુઓ, મિત્રો તથા સર્વ કાર્યકરોનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

*શોકાતુર*

**સ્વ. ભવાનજી વીરજી વેલજી ધરોડ પરિવાર**

તેમજ

વીમળા - વિસનજી શેઠીયા, છસરા (પુત્રી-જમાઈ)

મંજુલા-શાંતીલાલ કેનીયા, મુન્દ્રા (પુત્રી-જમાઈ)

સરલા - ભૂપેન્દ્ર વીરા, ડોણ (પુત્રી-જમાઈ)

જીગ્ના - નયન વીરા, જીગ્ના-પારસ વીરા (દોહિત્રવધુ-દોહિત્ર)

રીષબ -નયન વીરા (પર દોહિત્ર)

(જા.ખ.)

# આધુનિક નારી વિચારશે ?

આજે સ્ત્રીઓ મોટા મોટા મહિલા મંડળો યોજે છે. શા માટે ? પોતાના સ્વાર્થ માટે, પોતાની મજા-મસ્તી માટે, પાછળ છોકરાઓને રઝળતા મૂકીને પિકનિકો મનાવે છે, ધિક્કાર છે એવી મહિલાઓને ? કરોને સમાજને ઉપયોગી થાય એવા કાર્યો જેવા કે ધર્મની શિબિરો, ધર્મના સારા કાર્યો. આતો સ્વીમિંગ પુલોમાં નહાવું, પતલા કપડા પહેરવા, આ બધુ શું છે ?

આજકલ બધાને  સ્વતંત્રતા જોઈએ છે. આપણા સાસુ-સસરા આજે તમને આડરૂપ થશે તો કાલે તમારો પણ વારો આવશે જ ?

આજકાલ સ્વતંત્ર આત્મનિર્ભર એકલી અથવા લગ્ન કર્યા વિના બોયફ્રેન્ડ સાથે રહતી ઘણી સ્ત્રીઓ પહેલાં તાણ અને પરેશાનીથી બચવા કે છૂટવા માટે અથવા તો પુરૂષમિત્રને કંપની આપવા માટે પીવાનું શરૂ કરે છે, ધીરે ધીરે પછી પીવાની આદત પડી જાય છે. તે વખતે શરાબને તે નહીં પણ શરાબ તેને પીવા માંડે છે. એકલવાયું જીવન અથવા સગા-વહાલાથી તે અળગી થઈ જાય છે. એ વખતે તેના પર અંકુશ નથી રહેતા.

આજે ટી.વી. સિરિયલોમાં નારી સ્વાતંત્ર્યના નામે નારીના સ્વછંદી અને ખંડિતરૂપને રજૂ કરવામાં આવે છે. તેના સૌંદર્યને વિકૃત સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે.

આજે આપણા સમાજના કેટલાય સારાસારા ઘરના યુવાનો બેધડક દારૂ ઢીંચે છે; બિયર બારોમાં જાય છે. કેટલાક લોકો માંસાહારી પણ છે. બીચારા પાસે બહુ પૈસો છે ને ! વાપરે ક્યાં ? ક્યાંક તો વાપરવાને ? પણ આગળ તમે તમારો સમય જોજો કેવો આવશે ! હજુ પણ સમય છે. જાગ્યા ત્યાર થી સવાર એમ કરી બધું અલવિદા કરી દો. જીંદગીના પાછલા દિવસો ધર્મ ધ્યાનમાં વિતાવો. તમે તો બરબાદ થઈ ચૂક્યા છો પણ તમારા પરિવારને બચાવો નહિંતર કાલે તમારો છોકરો મોટો થઈ તમારા પર થૂંકશે યા તો તમારો છોકરો તમારા જેવો જ થસે. છેલ્લા બે ચાર વર્ષમાં તો રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય સ્ત્રી સૌંદર્ય સ્પર્ધાઓની ભરમાર લાગી છે. હવે તો શહેરો, કોલેજો અને ગલીએ ગલીએ ફેશન અને સૌંદર્ય સ્પર્ધાઓનો ચસ્કો લાગ્યો છે. ગ્લેમરની પાછળ દોડતી આ કન્યાઓ એટલું પણ સમજતી નથી કે તેમનો હીન (ખરાબ) રીતે ઉપયોગ થઈ રહ્યો છે. તેમના સ્વાભિમાનને કચડવામાં આવી રહ્યું છે.

સાજ શૃંગાર કરવો એ કોઈ પણ નારી માટે એક કળા છે પણ તેનો દુરૂપયોગ ન કરો, જેથી આપણે નીચું જોવું પડે.

ગુમરાહ યુવાનો યુવતીઓને સાચા રસ્તે વાળવાનું કાર્ય અશક્ય કે મુશ્કેલ નથી, પણ ધીરજ અને એકાગ્રતાથી સાચે માર્ગે લાવી શકાય છે.

**– જયાબેન મગનલાલ મારૂ**

## DONATE EYES LIVE TWICE




**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# આભાર ન માનવો ભારે પડી શકે !

તમે દિલથી કોઈનો આભાર માનશો તો એની એટલી પોઝિટિવ અસર થશે કે સામેવાળી વ્યક્તિ તમને ભવિષ્યમાં એકથી વધુ વખત **થેન્ક યુ કહેવું પડે તેવી તક પૂરી પાડશે !**

ઈન ફ્રેન્ડશિપ નો થેન્ક્સ નો સોરી. જોકે, પ્રોફેસનલ લાઈફમાં સંપર્કમાં આવનારી બધી વ્યક્તિ તમારી મિત્ર હોતી નથી ત્યારે શિષ્ટાચાર વધુ જરૂરી બની ગયો છે.

આભાર માત્ર ઔપચારિક ન હોય : ઘણા લોકો માત્ર ઔપચારિકતા ખાતર થેન્ક યુ કહેતા હોય છે. ઔપચારિકતા પૂરતું થેન્ક યુ કહેવાય ત્યારે તેમાં ભાવ કે ઉમળકાનો અભાવ હોય છે, જેનો અહેસાસ સામેવાળી વ્યક્તિને તરત થતો હોય છે અને તેની નેગેટિવ અસર થતી હોય છે. થેન્ક યુ કહો ત્યારે દિલથી કહો, તમારા શબ્દમાં ભાવને ભેળવીને કહો, તો સામેવાળાને અહેસાસ થશે કે તમે ખરેખર આભાર માનો છો અને તેની સકારાત્મક અસર જોવા મળશે.

આભાર માનવામાં ઈગો વચ્ચે ન લાવવો : કેટલાકને થેન્ક યુ કહેવામાં ઈગો આડો આવી જતો હોય છે. કોઈનો આભાર માનીને આપણે જાણે નીચા પડતાં હોઈએ, એવું તેઓ માને છે. ઘણા સિનિયર અધિકારી, લીડર કે માલિક માને છે કે મારે શા માટે આભાર માનવો, પરંતુ આભાર માનવાની બાબતમાં નાના-મોટા કે સિનિયર-જૂનિયર કે માલિક-સેવકનો ભેદ ન કરવો જોઈએ. માલિક કે ટીમ લીડરે તો ખાસ પોતાના કર્મચારીઓનો આભાર માનવો જોઈએ, કારણ કે આભાર માનવાથી કર્મચારીઓનો ઉત્સાહ વધતો હોય છે. તેમની કદર થયાનો અહેસાસ થાય છે, જેનાથી તેમની લોયલ્ટીમાં પણ વધારો થાય છે.

આભારથી થશે પોઝિટિવ અસર : નાની કે મોટી મદદ કરનાર, તમારા કામમાં સહભાગી થનારનો આભાર માનશો તો તેની પોઝિટિવ અસર થશે. તમે જેનો આભાર માનશો, એ તમારો હિતેચ્છુ બનશે. તમારી વચ્ચેનું અંતર ઘટશે. જ્યારે તમે આભાર નથી માનતા ત્યારે તમારી ગણતરી ઈગોઈસ્ટિક વ્યક્તિ તરીકેની થશે અને સામેવાળા વ્યક્તિને તમારી સાથે ભવિષ્યમાં કામ કરવાનો કે તમને મદદકરવાનો ઉત્સાહ નહીં રહે. આભાર ન માનવાનો ભાર તમને ભારે પડી શકે છે, જ્યારે આભારના બે-અઢી શબ્દો તમારા સંબંધોને ઉષ્માભર્યા અને સશક્ત બનાવે છે.

કોરા શબ્દો નહીં નક્કર કાર્યથી માનો, આભારના બે શબ્દો તમને વધારે નમ્ર તેમજ સંબંધોની દ્રષ્ટિએ નક્કર બનાવશે. તમે આ લેખ વાંચ્યો એ બદલ આપ સૌનો આભાર, થેન્ક યુ!

— સંકલન : **પંકજ વલ્લભભાઈ સાવલા**




**IQ TEST**

**IF A + B = 76**

**A - B = 38**

**A ÷ B = ...?**

**जब भी स्वादिष्ट, शुद्ध मिठाई खाने का मन चाहेगा**
**आप सबके लबपे सिर्फ एक ही नाम आयेगा**



# ...हरपल मिठास...
# ...हरपल मिठास...
# ...हरपल मिठास...

હરપલ મિઠાસ લઈને આવે છે. દેશી મિઠાઈયો, ચાલો, ખાઓ તાજા થાઓ ખાઈ હરપલ મિઠાઈયો.

હરપલ મિઠાઈમાં આવે છે મોહનથાર, ફિણિયા લાડુ, મગ દળિયા, ગુંદરપાક અને મિની સાટા પ્રાપ્ત કરવા સમ્પર્ક કરો.

## *Rupal H. Savla*

*Arihant Basera, Flat No. 102,*
*Kachiguda, Hyderabad.*

**Phone : 8106459594**

(જા.ખ.)

# કાશ્મીર - ધારા ૩૭૦ વિશે સાદી સમજણ

- જમ્મુ-કાશ્મીરના નાગરિકો પાસે બમણી નાગરિકતા હોય છે.
- જમ્મુ-કાશ્મીરનો રાષ્ટ્ર ધ્વજ અલગ છે.
- જમ્મુ–કાશ્મીરની વિધાનસભાનો કાર્યકાલ ૬ વર્ષનો છે જ્યારે ભારતના અન્ય રાજ્યોની વિધાન સભાનો કાર્યકાલ ૫ વર્ષનો છે.
- જમ્મુ–કશ્મીરની અંદર ભારતના રાષ્ટ્રધ્વજ કે રાષ્ટ્રિય પ્રતીકોનો અપમાન અપરાધ નથી.
- ભારતની સર્વોચ્ચ અદાલતનો આદેશ જમ્મુ-કાશ્મીરમાં માન્ય નથી હોતો.
- ભારતની સંસદ જમ્મુ-કાશ્મીરના સંબંધમાં અત્યંત મર્યાદિત ક્ષેત્રમાં કાયદો બનાવી શકે છે.
- જમ્મુ-કાશ્મીરની કોઈ મહિલા અગર ભારતના કોઈ અન્ય રાજ્યના વ્યક્તિ સાથે લગ્ન કરી લે તો એની નાગરિકતા સમાપ્ત થઈ જાય છે. આનાથી ઉલટું અગર તે પાકિસ્તાની નાગરિક સાથે લગ્ન કરી લે તો એની નાગરિકતા કાયમ રહે છે.
- ધારા-૩૭૦ ના કારણે કાશ્મીરમાં RTI-CAG લાગુ નથી હોતી. ભારતનો કોઈપણ કાયદો ત્યાં લાગુ નથી.
- કાશ્મીરમાં મહિલાઓ પર શરિયત કાયદો લાગુ છે. કાશ્મીરમાં પંચાયતનો અધિકાર નથી. ત્યાં ચપરાશીને ફક્ત રૂા. ૨૫૦૦/- નું વેતન મળે છે.
- કશ્મીરમાં અલ્પ સંખ્યકો (હિન્દુ-શીખ) ને ૧૬ ટકા આરક્ષણ નથી મળતું.
- ધારા-૩૭૦ ના કારણે કાશ્મીરમાં ભારતનો કોઈપણ વ્યક્તિ જમીન ખરીદી નથી શકતી.
- ધારા-૩૭૦ ના કારણે પાકિસ્તાનીઓને પણ ભારતની નાગરિકતા સરળતાથી મળી જાય છે જો તે કોઈ કાશ્મીરી યુવતી સાથે લગ્ન કરી લે.

**– દિનેશ ગોસર**

# गर्भस्थ शीशु की पुकार

| | |
|---|---|
| इस सृष्टि की सुंदरता देखने का, मां बाप के दुलार पाने का | अरमान |
| श्रवण ओर लवकुश के अवतार पाने का | अरमान |
| श्वेत साधुता धारणकर चरणोमें नमन करने का | अरमान |
| अहिंसा के पूजारी महावीर बनने का | अरमान |
| इस पवित्रभूमि की हरियाली पर जन्म लेने का | अरमान |
| मांके आंचलमे छिपकर छुपाछुपी खेलने का | अरमान |
| पापा पगली भर बाबा गाडी चलाकर स्वर्ग में जाने का | अरमान |

**मगर....**

जल गई अरमानों की होली, बीना कोई अपराध मुझे मिल गइ शूली मैं उस मां से पूछता हुं क्या थी मेरी खता? की आप हुई खफा ? जन्म देना ही नहीं था तो, क्युं ?

किराये पर देकर कोख बताई जता कुक्षी को बनाकर कब्रस्तान बहुत निभाई वफा अस्पताल नामक कतलखाने मे,

मुझे गिराकर खूब दिखाई, अदा इस भाव शब्दों का थोडा बहुत भी हो जाये

मां के हृदय को स्पर्शन हर मां के हृदय में जगा देगा

प्यार और ममता के स्पंदन नीकल जायगा भ्रुणहत्या के दुषण का निकंदन तब होगा मातृ देवा भव को वंदन अभिनंदन अब इस देश की माताओं को जागना है, समाज को जगाना है, भृणहत्या के अनिष्ट से समाज को बचाना है।

**- कुमुदबेन महेन्द्रभाई शाह**

**પ.પુ. રાજયશસૂરી મ.સા.ના ફીલખાના ચાતુર્માસ દરમ્યાન "ભ્રુણહત્યા મહાપાપ" વિષય સ્પર્ધાની ઈનામી કૃતિ.**

# ફક્ત સ્વપ્ન નહિ હવે હકિકત...
# આજનું રોકાણ આવતીકાલનું ભવિષ્ય...

દેવલાલી ને યાદ અપાવે એવું કુદરતી વાતાવરણ, સારી લોકાલીટી, અત્યાધુનિક ફેસીલીટી અને નવી ટેકનોલોજી સાથે તમારા સ્વપ્ન ને સાકાર કરવા અમે લાવી રહ્યા છીએ તમારા માટે,

## યમુના પાર્ક

જબલપુર મોજે-ભુજપુર મોટી સર્વે નં. ૩૨૨/૧-૩૩૨/૨ એવા કચ્છ ના હૃદય સમા મુંદ્રા પોર્ટની નજીક ૬૦ મહિનાના સરળ હપ્તે થી મેળવો ૯૦ ચો. વારના સુવ્યવસ્થિત પ્લોટો.

**પહેલો ડ્રો તા. ૧૫ જૂન ૨૦૧૪**

| | |
|---|---|
| પૂર્ણ યોજના દરમ્યાન | ફક્ત ૬૦૦ મેમ્બર પૂરતી મર્યાદિત |

● ૧૧ મેગા બમ્પર ઈનામ ● ૫૦ બમ્પર ઈનામ ● ૧૨૦૦ આશ્વાસન ઈનામ

● ઈનામ થી બાકાત રહેનાર ને પણ આશ્વાસન ઈનામ આપવામાં આવશે.



- ફોર્ડ કલાસીક LX
- મારૂતિ અલ્ટો 800
- હ્યુન્ડાઈ EON
- મહિન્દ્રા બોલેરો કેમ્પર
- મારૂતિ વેગન આર
- બજાજ પલ્સર 150 CC
- સેમસંગ LCD TV
- હોન્ડા યુનિકોર્ન ડેઝલર
- બજાજ ડિસ્કવરી
- લેનોવા લેપટોપ
- સેમી વોશિંગ મશીન
- ઘરઘંટી ● મા. ઓવન

## યમુના પાર્કની વિશેષતાઓ

● આકર્ષક મનમોહક પ્રવેશ દ્વાર ● યમુના પાર્કના આંતરિક રસ્તા સિમેન્ટ, કોંક્રિટના તેમજ રસ્તાની બન્ને બાજુ આકર્ષક પ્લાન્ટેશન. ● યમુના પાર્કની ચારે બાજુ ફરતે બ્રાઉન્ડ્રી વોલ. ● ભુલકાઓને રમવા ચિલ્ડ્રન્સ પાર્ક તથા સાર્વજનિક પ્લોટ. ● કચ્છ ગુજરાત નેશનલ હાઈવે ટચ.

મુન્દ્રા બંદરનો ધમધમાટ રાષ્ટ્રની મહત્વાકાંક્ષી યોજના, સેઝ, અદાણી ટાટા પાવર પ્રોજેક્ટ. એલ્યુમિનિયમ પ્લાન્ટ, ઓઈલ ટર્મિનલ અને ફોરચ્યુન તેલ રિફાઈનરી આવી તો સંખ્યાબંધ યોજનાઓ કાર્યરત થઈ ચુકી છે. વિકાસ ના આવા રંગીન ટુકડાઓને ગોઠવવાથી નક્કર વાસ્તવિક ચિત્ર ખડુ થાય છે.

*વધુ વિગત માટે સંપર્ક*

**પ્રવિણ કે. શાહ, ૦૯૮૭૯૪૪૮૨૩૨**

(જા.ખ.)



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

## ANSWER TO THE LAST MONTH'S QUIZ

| | | |
|---|---|---|
| Small Stone | - | PEBBLE |
| Location | - | PLACE |
| Human | - | PERSON |
| Request | - | PLEASE |
| Plain Operator | - | PILOT |
| More | - | PLENTY |
| Reward | - | PRIZE |
| Royal Mansion | - | PALACE |
| Cushion used for head | - | PILLOW |
| Scent | - | PERFUME |
| Coins | - | PAISE |
| Foot Path | - | PAVEMENT |
| Sizzled Corn | - | Popcorn |
| Master Degree | - | P.hd. |
| Trousers | - | PANT |
| Short Trip | - | PICNIC |
| Beautifu | - | PRETTY |
| Removing the Skin | - | PEELLING |
| Young one on the dog | - | PUPPY |
| School Head | - | PRINCIPAL |
| Dot | - | POINT |
| A fuel | - | PETROL |
| Jail | - | PRISON |
| Add | - | PLUS |

There was another Quiz Solve it..... You were to guess the word. The answer is HEARTBEAT

**મે ૨૦૧૪માં આવેલ ક્વીઝના સાચા જવાબ આપનારાઓના નામ :** હર્ષાબેન હરખચંદ દેઢિયા, હર્ષ વિલાસ ગાલા, દર્શિની રાંભિયા, ઉર્વી હરેશ દેઢિયા, કુમાર લાલજી દેઢિયા, નિશા હરિશ ગાલા, વિણા કે. ગોસર, નિતા ડી. માલદે, ભારતી કે. ધરોડ, કલ્પના ડી. મહેતા, મિલોની દેઢિયા નિવ્યા ઉદય દેઢિયા, સિમા આર. મહેતા, સોમિલ હિતેશ પાસદ, યશ જયેશ દેઢિયા, સુશીલા દામજી સાવલા, સ્મિતા ધર્મેશ મામણિયા, જ્યોતિ લક્ષ્મીચંદ નાગડા, કુમુદબેન એમ. શાહ, માનસી પારસ ધર્મશી, કૈલાસ કુમાર છેડા. **સહુને અભિનંદન.**

## Quiz of the Month

A) Add a word in the blank space, so that the first & middle word makes a word and middle and the last word makes another word.
For example : Foot...... Pen
Ans. : BALL. So it is FOOTBALL and BALL PEN.

1. Business............ ship
2. Roman ................ pad
3. Sketch..............stand
4. Power..................full
5. Postal................book
6. Candle.............house
7. Grave................stick
8. Waste.................lord
9. Street.............Weight
10. Wrist..................man
11. Ultra.................proof
12. Girl.....................ship
13. Over...................pass
14. Post....................van
15. Pain.....................stop
16. Play.....................nut
17. High................breaker
18. Air.....................cover

B) BECOME A 'JASOOS' AND SOLVE THIS MURDER CASE. IT IS A CHALLENGE TO YOU -

Near Mumbai, a man was found murdered on 2-10-2013 Wednesday afternoon @ 12.35 pm in his own bunglow.

His wife called police at 3.23 pm.

Police questioned everyone -
Wife : I was sleeping
Son : I went for movies with my girl friend.
Neighbours : We went for the marriage.
Driver : I went to the Bank to withdraw cash.
Cook : I went to Bazar for buying Vegetables and provisions.
Gardner : I was in the garden all the time. I did not hear anything nor I saw any stranger.
Watchman : I had been to my relative's marriage.
Sherlock Homes, the Detective, deeply thought over and identified the murderer.

Who was he or she ? Give your answer with the correct reasons.

Note : Readers can give their answer with the reasons. The names of the person giving right answer will be published in the next 'NIYAPO'.


HEALTH CARE PRODUCTS & SURGICALS
Walking Aids
Cot
Weel Chairs
Commode
Glucometer
B.P. Moniter
Nebuliser
for Adult Diapers, Glucometers, B.P. Monitors
Orthotics, Nebulisers & Hospital Needs
Credit Cards Accepted
VIVIDHA ASSOCIATES
(A HOUSE OF HEALTH CARE AND SURGICAL NEEDS)
Dr. Melkote Park Lane, Vitthalwadi, Narayanaguda
Ph. (O) : 64592624/96667 70177

## Interesting Facts

**Once upon a time...:**

**- When 'window' was a square hole in a room and 'application' was something written on a piece of paper,**
**- When 'Keyborad' was of a piano and 'Mouse' just an Animal,**
**-When 'File' was an important office material and 'Hard Drive' just an uncomfortable road trip.**
**- When 'cut' was done with knife and 'paste' with glue,**
**- When 'Web' was spider's home and 'Virus' was flu &**
**- When 'Apple' & 'Blackberry' were just fruits...**

***Thats when, we had a lot of time for family & friends.***

## પ્રાર્થના

હે ઈશ્વર ! તું સર્વ સામર્થ્યવાળો છે, છતાં હું નાદાન બનીને તારી પાસે તુચ્છ એવા ભૌતિક સુખો જ માંગતો રહ્યો. જેમ જેમ મળતું ગયું, તેમ તેમ મારી ઈચ્છાઓ પ્રબળ થતી ગઈ અને તે ઈચ્છાઓએ મારા સુખને બાળીને સાફ કરી નાખ્યું છે. સાંભળ્યું છે કે ભૌતિક સુખને પેલે પાર એક આધ્યાત્મિક સુખ પણ છે જે વાસ્તવિક અને અખંડ છે. જે સ્વાધીન અને અવિનાશી છે. પ્રત્યેક જીવ તેને મેળવવાનો અધિકારી છે અને તે સુખ, આ સુખ અને તેની ઈચ્છાઓનો અંત થયા પછીજ મેળવી શકાય છે.

હે પરમાત્મા ! ભૌતિક સુખની લાલસાઓએ મને અનંતકાળ ભટકાવ્યો છે. હવે મારે તે સુખો નથી જોઈતા. તું એવું કર પ્રભુ ! કે મારી ઈચ્છા નામનું મોટું સુખ (દુઃખ) બળીને સાફ થઈ જાય, તેથી હું અનિચ્છ બનું. તું મારી અપેક્ષાઓના ચૂરેચૂરા કરી નાખ, જેથી હું નિરપેક્ષ બનું. તું મારા રાગ અને દ્વેષને સૂકવી નાખ જેથી હું વીતરાગ બનું. તું મારા અરમાનોનો અંત લાવ જેથી હું સ્થિર બનું. મારા મન રૂપી મર્કટને ઉપશમાવી દે જેથી હું શૂન્ય બની પૂર્ણ બનું. હે પ્રભુ ! વિષયો અને કષાયો મારા દૂર થાય અને ક્ષમા, સરળતા, મૃદુતા, સંતોષ, પવિત્રતા વગેરે ગુણોથી મારો આત્મા અલંકૃત બની શોભી રહે.

**– દિનેશ ગોસર**

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**
RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.
(જા.ખ.)

**CHEMISTRY COACHING**
OFFERED FOR IPE, EAMCET, AIIMS, JIPMER, JEE-MAINS
CONTACT BETWEEN 5 TO 8 P.M.
CHEM - POINT PH : 040-23222624, 9290430337 (જા.ખ.)

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

(જા.ખ.)

- ➢ સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- ➢ રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- ➢ કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- ➢ પાનેતર, પિટ્ટાવર્ક, તાર કામ સાડી
- ➢ બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**

# શુદ્ધ ઘી ની ઘરમાં બનાવેલ મિઠાઈ

- ❊ પાંચ ધાન્યના (મગદરીયા) લાડું
- ❊ ફીણીયા લાડું
- ❊ ડ્રાયફ્રૂટ લાડું (ઘંઉના)
- ❊ અદરખ ડ્રાયફ્રુટ લાડું
- ❊ નાચણી (રાગી) બજ્જુર લાડું
- ❊ કોકનેટ બીસ્કીટ
- ❊ અમુલ બટર કુકીસ



**સીવાય**

• સાંગલીના ભડંગ • સાંગલીની હળદળ • સાંગલીની કિશ્મીસ • કાળી દ્રાક્ષ
બીજાપુર ની શીંગદાણાની ચટણી અને જુવાર ના ખાખરા સિકંદરની શીંગ • ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

**●●● પ્રવીણ છેડા - પ્રેમીલા છેડા ●●●**

મો. ૮૯૮૫૭ ૫૯૩૨૦ મો. ૯૦૧૪૬૬૬૯૩૨

(જા.ખ.)

|| Jai Mahaveer ||

***Wish you all a very Happy Kutchi New Year***

# "Naman Construction Solutions"

A Name for all your water proofing needs, where treatment is done by Nano Technology Products with the help of Skilled and efficient workers. All you need is to contact us.

We also undertake painting and colouring assisgnments for Flats, Offices and other commercial establishments.

Contact

**Mr. Vardhaman Shah**

Cell No. 98853 41835

(Remember : A stitch in time saves nine)

(શ્રા.ખ.)

# "CAREER SEMINAR - KVOSS"

**CAREER GUIDANCE SEMINAR 2014 -** Organised by Sri KVO Seva Samaj & Sri KVO Sthanakvasi Jain Mahajan, on 5th & 6th April 2014 DVD's Available for Reference/Viewing with Sri Pankaj Vallabhji Savla - Contact : 9394553154 / 8099966665.

Also Uploaded to You Tube, Search Link for which is :

https://www.youtube.com/results? search query = pankaj+savla

**KVOSS VOL I PART 1 (LINKS FOR RELATED VIDEOS IN EACH PART 1.1 TO 1.4)**

**KVOSS VOL I PART 1,2 AND 3 (LINKS for Related Videos in each part 1.1 TO 1.4)**

**KVOSS VOL II PART 1, 2 AND 3 (LINKS for Related Videos in each part 1.1 TO 1.4)**

I am thankful to Mahek Mahendra Mota and Jay Tarachand Pasad for Technical help & Assistance to upload the above DVD's on You Tube in the above Project.

We have Tried / Experimented to reach the Students of 9th, 10th 11th Standard to GUIDE them in Deciding between various lines of choosing Career Paths for Future Education. If you have any doubt or Problem in Viewing the above programme on you tube, please feel free to contact us on above Mobile nos.

**- Pankaj Vallabji Savla**

॥ શ્રી ગોવિંદ કૃપા॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી માતા રાણી બટિયાણી ॥



# જય અમ્બિકા જ્યોતિષ



## અમ્બે માઁ ઉપાસક પં. સંજય જોશી

- ૧૦૧% ગેરંટી સાથે એક જ મુલાકાતમાં રીઝલ્ટ
- વિશ્વાસ આપનું કામ અમારૂં
- પથ્થર જેવા કઠિનથી કઠિન પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ

**માતાઓ તથા બહેનો પોતાનું ઘર મંદિર સમજીને અવશ્ય પધારશો.**

**તંત્ર-મંત્ર-યંત્ર ભારતની પ્રાચીન વિદ્યા છે.**
**જેના ઉપર આપણા ઋષિ-મહાઋષિઓએ હજારો વર્ષો સુધી શોધ કરી**
**અને સમસ્યાઓથી મુક્તિના ઉપાય શોધી શક્યા છે.**
**જે ઉચિત યંત્રના ઉપયોગ કરી શકીએ તો જીવન બદલી શકાય છે.**

હસ્તરેખા, જન્મકુંડળી, પ્રશ્ન કુંડળી ઉપરનું ભવિષ્ય માર્ગદર્શન, લગ્ન યોગ, પ્રેમ વિવાહ, મનપસંદ જીવનસાથી, પતિ-પત્નિ કોઈ પણ અણબનાવ, સોતનની પરેશાની, સંતાન સુખ, માનસિક અશાંતિ, વિદ્યા, વિદેશ યોગ, નોકરી, પ્રમોશન, લક્ષ્મીયોગ, ધંધા-વેપારમાં વૃધ્ધિ, ભાગીદારીમાં લાભ અથવા મકાન યોગ, વાહનની ઉઘરાણી, દેવામાં મુક્તિ, કોર્ટ કચેરીમાં વિઘ્ન દુર કરી વિજય મેળવવા, મેલી વિદ્યા, મોહિની, વશીકરણ, શત્રુ વિજય, મુઠચોટ, વ્યસનમુક્તિ, દારૂ છોડાવવો, વિશ્વાસઘાત, ઘર-કંકાસ, કાલસર્પ યોગ, નાગદોષ, ભૂમિદોષ, લક્ષ્મીયોગ, કોઈનું કરેલું, કુખ બાંધેલી, પુત્ર પ્રાપ્તિયોગ, ઘરની નડતર વિધિ, જન્માત્રર, નવગ્રહ યંત્ર, પુજા વિધિ, ગ્રહશાંતિ, વાસ્તુ સિધ્ધ ગેરંટીથી કાર્ય કરી ટુંક સમયમાં જ લાભ થશે. (પ્રેમી પંખીડા ખાસ મળો.)

(જા.ખ.)

**સંપર્ક : પ્રગતિ કૉલેજ કે સામને, સુલ તાન બજાર, હૈદરાબાદ**
**ફોન : ૭૪૧૬૮ ૩૪૩૧૩, ૯૧૬૦૪ ૯૧૫૮૧**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

## Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

# ABHA BEAUTY PARLOUR & SPA SALOON

Specialist in Bridal Mehendi & Make-up
Also Beauty Mehendi & Grooming Classes



- We undertake Hair Spa Treatment
- Galvanic Treatment
- Stone Theropy
- Body Spa
- Bridal Packages
- Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

***Home service Facility is also available***

***Sunday Closed***

Now at New & Spacious Space

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*3-4-74/2, 1st Floor, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# SONA HANDLOOMS

***Exclusive Dress Materials***

- **KURTIES**
- **LEGGINGS**
- **LADIES UNDERGARMENTS**
- **NIGHTIES**

**AT WHOLESALE RATE**

Contact : *Ashit Patel*

3-3-116/117, Chappal Bazar,
Near Manjira Hotel,
Opp. Bangalore Iyenger Bakery,
Kachiguda, Hyderabad 500 027.

**Phone : 93910 01176**

Special Offer **30% off** on Ladies Under Garments



(જા.ખ.)


SIGMA CORPORATION
Work in the fast paced industry of printing!
JOB OPENINGS
Adminstration
Production Manager
Sales
Branch Manager
Helpers
Drivers
Send in your resumes to
hrm@sigmacorporation.co.in
or call on 040 6662 7694/ 92465 33446
Commercial Space Available for Rent
Commercial Shop 800 sq. feet carpet,
at prime location in chikkadpally street no.11,
second building from main road with furniture.
Ideal for wholesaler, Agencies or C&F Agent.
For More details Email:
info@sigmacorporation.co.in
or call on +91 9391033446
We're
Recruiting!
Member of SGIA
SGAI
SCREENPRINTING & GRAPHICS ASSOCIATION OF INDIA
SPAI

(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા સ્ટેશનથી રેલ્વે દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન શ્રી સંઘ દ્વારા કરાવવામાં આવે છે.

એના સુંદર આયોજનનું લાભ વધુથી વધુ સંખ્યામાં લઈ શ્રી સંઘના ધર્મ પ્રવૃતીઓને અનુમોદીત કરશો. શ્રી મેડચલ તીર્થ યાત્રાના સંઘપતીનો નકરો રૂ.૨,૧૦૦/- છે. ડિસેમ્બર ૨૦૧૪ સુધી સંઘપતીઓ મુકરર થઈ ગયા છે તથા સાલ ૨૦૧૫ના જોતવારી મહીનાના સંઘપતી શેઠ શ્રી તલકશી કુંવરજી પાસડ હસ્તે શ્રી ભવાનજીભાઈ પાસડ છે. મે ૨૦૧૫ના સંઘપતી માસ્ટર મોક્ષ પૂર્વેશ ગુલાબચંદ પદમશી મોતા છે. સંઘપતીઓની ભુરી-ભુરી અનુમોદના. તમો પણ ભાવ રાખશો તથા સંઘપતીનો લાભ લેશો.

પહેલા રવિવારે તા. ૬ જુલાઈ ૨૦૧૪ના જીનેશ્વરધામ મંદિરમાં ચાતુર્માસ પ્રવેશાર્થે પરમપૂજ્ય સર્વોદયસાગર મહારાજ આદી ઠાણાનું ચાતુર્માસ પ્રવેશનું ભવ્યાથી ભવ્ય આયોજન છે. માટે શ્રી કુલપાકજીની યાત્રા શુક્રવાર તા. ૧૩ જુલાઈ ૨૦૧૪ના રહેશે તેની ખાસ નોંધ લેશો.

રૂ. ૫૦૧.૦૦ ભરી આપશ્રી શ્રી સંઘના આજીવન સભ્ય થઈ શકો છે. શ્રી સંઘની પ્રત્યેક યોજનાનો લાભ આજીવન સભ્યને પ્રાર્થમીકતાથી આપવામાં આવશે તથા દર મહિનાની આયોજીત શ્રી કુલપાકજી તીર્થ યાત્રા આજીવન સભ્યને શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે.

સંકલ્પ અનુદાનના પત્રોનુ વિતરણ પૂર જોષમાં ચાલુ છે. નકરો રૂ. ૧૧૧૧/- છે. આપશ્રી આપણા પરિવારના શુભ પ્રસંગોને યાદગાર બનાવવા તથા વડીલોની સ્મૃતિમાં સંકલ્પ અનુદાનપત્રો લઈ પુણ્યાર્જન કરશો. રોકળા અનુદાન પત્રોથી આવનાર રક્કમ ફીક્સ ડિપોઝિટમાં રાખી એના વ્યાજથી સર્વ સાધારણ ખાતાનું નિભાવ ખર્ચ થાય છે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર** (હ.પ્ર.)